# હા... સાહેબ !

"શું કહે છે તમારો સર્વે..?!"

"જેને જે કહેવડાવવું હોય... તેવું સર્વે કહે..!!"

"બોલો ભાજપ જીતાડવું છે કે કોંગ્રેસ જીતાડવું છે..?! આપણે ઈચ્છિએ એવું પરિણામ મેળવાય..!! આ યે પ્રચારનો એક ભાગ જ છે..!!"

"હં...અ... એટલે આ હકિકત કહોછો કે ટોણો મારો છો..?!"

"સાહેબ જેને જે ગણવું હોય તે ગણે..!! હવે તો હકિકત અને ટોણાની વચ્ચે પણ કોઈ ભેદ રહ્યો જ નથી..!! હકિકત કહીએ એટલે ટોણો લાગશે..! અને ટોણો મારીએ તો..!!"

"એટલે..?!"

"એટલે-બેટલે કંઈ નહીં..! બધુ આમ જ ચાલે છે અને બધુ આમ જ ચાલશે..! ટી.વી.ના સર્વે ભાજપ જીતશે એમ કહે છે જ્યારે નવરી બજારનો સર્વે કોંગ્રેસ જીતશે એમ કહે છે..!! તો સટ્ટાબજાર કશ્મેકશ જેવુ બતાવે છે..! આમાં સાચું કોણ ને ખોટું કોણ..?! પેલા સટ્ટાબજાર અને ટી.વી.નો સર્વેનો ખબર પડી પણ નવરી બજારનું શું..?!"

"અરે..! નવરી બજાર એટલે પાનના ગલ્લે... બસસ્ટેન્ડે... ઓટલે-ખાટલે... થતી ચર્ચાઓ..!! નવરાશના સમયમાં થતી ગરમાગરમ ચર્ચા એટલે નવરી બજાર..!!"

"વાહ..! આમાં તો ઉમેદવારોય નક્કી થઈ જતા હશે ને..?! કોણ ચાલે-કોણ ના ચાલે..! ની ચર્ચાઓ પણ થતી જ હશે ને..?!"

"અરે સાહેબ..! તમારી પાર્લામેન્ટરી બોર્ડ તો શું ચર્ચાઓ કરે છે..! તેટલી ચર્ચાઓ થાય આ બજારમાં..!! દરેકના એક્ષ-રે રીપોર્ટ હાજરે હાજુર જ હોય... અને પરિણામ પણ ફટાફટ અપાતું જ હોય..!! મજા છે મજા..!!"

"સોલીડ કહેવાય હોં..! એટલે સાચું જ કહ્યું છે કે 'માઉથ પબ્લીસીટી ઈઝ ધ બેસ્ટ પબ્લીસીટી'... મોઢા મોઢ થતો પ્રચાર... વાતાવરણ બનાવવામાં બહુ મોટો ભાગ ભજવે છે..!!"

"હાસ્તો તમે જોયું નહિ..?! વિકાસ ગાંડો થઈ ગયો છે... એના ઉપર તો આખુ ભાજપ... અને આખી સરકાર ગાંડી થઈ ગઈ..!! અને હજુ તો કળ વળતી નથી કળ... કે હવે કયું સુત્ર લાવીએ તો વિકાસ ગાંડો ભુલાય..!!

"આ તો તમારૂ તિકડમ ચાલી ગયું..! એટલે હવે તમે જરા ફોર્મમાં આવ્યા..!! બાકી તો તમારૂ 'નવ સર્જન ગુજરાત' હજી કંઈ જામતુ નથી..!!"

"સાહેબ એ તો ભુલી જ જજો કે આ વખતે સોશ્યલ મીડીયામાં તો અમારાવાળાના જ ડંકા વાગશે..! હજુ તમે ગોથા નથી ખાતા..?! ગતિશીલ ગુજરાત - પ્રગતિશીલ ગુજરાત - ગૌરવશાળી ગુજરાત... અડીખમ ગુજરાત... અને હવે આજે નવું... 'જાત વાદ નહિ - ધર્મવાદ નહિં..! માત્ર રાષ્ટ્રવાદ'... ગમે તે લાવો તમારો ગજ વાગવાનો નથી..!!"

"જો જો ને..! સમય તમને બતાવશે કે કોનો ગજ વાગશે..! એક અઠવાડિયું જવા દો પછી તમારા સુત્રો અને જયકારા ક્યાંય દેખાય તો કહેજો..!! આખા ગુજરાતમાં ગાજશે અને ગુંજશે... 'ભારત માતા કી જય - વંદે માતરમ્'"

"એ તો અમેય બોલીશુ..!! જોરશોરથી આપણે બધાય બોલીએ... ગૌરવથી બોલીએ... પક્ષાપક્ષીથી પર રહીને બોલીએ... ભારતમાતાના સંતાન તરીકે બોલીએ..! ભારત માતા કી જય, ભારત માતા કી જય..!!"

**- નિમિત્ત માત્ર**



શહેરમાં સીતાફળ - શીયાળાના આગમનને પગલે શહેરમાં ફળોનું પણ દબદબાપૂર્વક આગમન થયું છે... સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપકારક સીતાફળ આજકાલ ગાંધીનગરમાં ઠેર ઠેર જોવા મળે છે... શિયાળાના ઉત્તમ ફળોમાં જેની ગણતરી થાય છે તેવા સીતાફળની માંગ પણ એટલી જ જોવા મળી રહે છે...

# શહેરમાં ગુલાબી ઠંડીનો ચમકારો પારો ૧૫ ડીગ્રી સુધી ઉતર્યો

**વહેલી સવારે અને રાત્રિના ગુલાબી ઠંડીનો અહેસાસ : મોસમના બદલાતા મિજાજથી જનજીવન પ્રભાવિત : દિવસે ગરમીનુ જોર પણ હળવુ થયુ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડો વધુ તફાવત**

ગાંધીનગર તા ૨૮

આગામી વિધાનસભાની ચુંટણીના લીધે નગરમાં રાજકીય ગરમાવાનો માહોલ છવાઈ રહયો છે. ત્યારે મોસમનો પણ મિજાજ બદલાયો છે. નગર ધીમે ધીમે ગુલાબી ઠંડીની ગિરફતમાં આવી રહયુ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડી ગ્રી પહોંચી જતા સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડુગાર સાબિત થયુ હતુ. જયારે આજે પણ મોસમનો મિજાજ યથાવત રહયો હતો. દિવસ દરમિયાન હજુ હળવી ગરમીનો અહેસાસ થઈ રહયો છે. પરંતુ વહેલી સવાર ઉપરાંત સાંજ ઢળતા જ ગુલાબી ઠંડીનુ મોજુ ફરી વળતા નગરમાં શરદીની ઋતુ હવે જમાવટ કરશે તેવો અહેસાસ નગરજનો કરી રહયા છે.

શહેરમાં દિવાળી બાદ મોસમના મિજાજમાં બદલાવ જોવા મળી રહયો છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં તફાવત વધતો જાય છે. અત્યાર સુધી દિવસ દરમિયાન આકરી ગરમી અને બફારો વર્તાતો હતો. પરંતુ ઠંડીની અસરથી નગરજનો વાતાવરણમાં નોંધપાત્ર બદલાવ અનુભવી રહયા છે. હરિયાળુ ગાંધીનગર ગુલાબી ઠંડીની ગિરફતમાં આવી ગયુ છે. વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવતા નગરજનો સાંજ ઢળતા જ ઠંડીની આહોશમા આવી

● અનુસંધાન પાન-૬ પર

# જિલ્લામાં ૧૬ દિવસમાં ૧૬૧૭ મતદારો વધ્યા

**મતદારયાદી સુધારણા ઝુંબેશના પ્રથમ તબક્કામાં ૧૭ હજારથી વધુ મતદારો નોંધાયા હતા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૯મી ઓક્ટો.થી ૨૫ ઓક્ટો. દરમ્યાન ખાસ યોજવામાં આવેલ મતદારયાદી સુધારણા ઝુંબેશમાં ૧૬૧૭ નવા મતદારો નોંધાયા છે.

૧૬ દિવસના ટુંકાગાળામાં સરેરાશ રોજના ૧૦૦ મતદારો નોંધાયા છે. જો કે સંક્ષિપ્ત મતદાર સુધારણા ઝુંબેશમાં પણ મહિલા મતદારોએ સારી જાગૃતિ દાખવી છે. જો કે પુરૂષ મતદારો કરતાં ૧૫ થી ૨૦ જ વધારે મહિલા મતદારો વધુ નોંધાયેલ છે.

તંત્ર દ્વારા આ નવા નોંધાયેલા મતદારોની પુરવણી યાદી તૈયાર થઈ ગઈ છે. જો કે પંચના નિયમ મુજબ ૧૦ નવેમ્બર સુધી હજુ પણ પોતાના નામ દાખલ કરાવી શકાશે.

પંચે હાથ ધરેલ બન્ને મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન નામ કમી કોઈ પણ મતદારનું નહિ કરવા જણાવ્યુ છે. મતદારે જો સ્થળાંતર કરેલ હશે તો તેના માટે ખાસ કોર્ડવર્ડથી યાદીમાં ઉલ્લેખ કરવામાં આવશે તેમ પણ ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યુ છે.

ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી શુદ્ધ અને વધુ સચોટ બની રહે તે માટે વિશેષ કાળજી આ વખતે લેવામાં આવી છે. પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં પ્રથમ તબક્કાની મતદાર સુધારણા ઝુંબેશ દરમ્યાન ૧૭ હજારથી વધુ મતદારો ઉમેરાયા હતા. જ્યારે છેલ્લા ૧૬ દિવસમાં ૧૬૧૭ મતદારો સાથે કુલ ૧૯ હજારથી વધુ મતદારોનો ઉમેરો થયો છે.

# જિલ્લામાં ૨૨૫૬ બેનર-હોર્ડિંગ્સ હટાવવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આચારસંહિતાના અમલ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૨૫૬ જેટલા બેનર, હોર્ડિંગ્સ અને ભીંત પરના લખાણો દૂર કરવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાંથી જ એક હજારથી વધુ હોર્ડિંગ્સ-બેનર અને લખાણો દૂર કરવામાં આવ્યા છે. આ કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલ અંગે તંત્રે ૨૨ થી વધુ ટીમો કામે લગાડી છે. આ માટેની કામગીરી આજે અને રવિવારે રજાના દિવસે પણ ચાલુ રખાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આગામી દિવસોમાં હજુ પણ હોર્ડિંગ્સ બેનર દૂર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે..

# જિલ્લામાં ૩ પૂરક મતદાન મથકો બનશે

**જિલ્લામાં ૧૩૩૯ મથકો ઉપરાંત આ ૩ મતદાન મથકોને પગલે હવે ૧૩૪૨ મથકો થશે : બે મતદાન મથકો ગાંધીનગર (દ)માં અને એક દહેગામમાં બનશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં મતદારોની સંખ્યામાં થયેલા વધારાને ધ્યાને રાખી જિલ્લામાં ત્રણ પૂરક મતદાન મથકો ઉભા કરવામાં આવશે.

આ મતદાન મથકોમાં બે મતદાન મથકો ગાંધીનગર (દ) બેઠક પર અને એક મતદાન મથક દહેગામ વિધાનસભા બેઠકમાં ઉભા કરવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૫૦ મતદારોએ મતદાન મથક અને શહેરી વિસ્તારમાં ૧૪૦૦ મતદારોએ મતદાન મથકના માર્ગદર્શક નિયમને ધ્યાને રાખી જિલ્લાતંત્રએ આ ૩ પૂરક મતદાન મથકો ઉભા કરવાનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો પ્રમાણે આ ૩ પૂરક મતદાન મથકો માટેની દરખાસ્ત પણ કેન્દ્રીય ચૂંટણી પંચને મોકલી આપવામાં આવી છે અને તેને પૂરક મતદાન મથક તરીકેની ઓળખ આપવામાં આવી છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશના બે તબક્કા દરમ્યાન ૧૯ હજારથી વધુ મતદારોનો વધારો નોંધાયો છે તે પણ ઉલ્લેખનીય છે.

પંચે આ વખતે તેનું સ્લોગન રાખ્યુ છે કે "મતદાર નોંધાવા વગર રહી ના જાય." પંચે મતદાર નોંધણી માટે ખાસ કાળજી લીધી છે. જિલ્લામાં મતદારો માટે આ વખતે પાંચ મહિલા સંચાલિત મતદાન મથકો અને પાંચ મોડેલ મતદાન મથક બનાવવાનો પણ નિર્ણય કરેલ છે. જે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં હાલ ૧૩૩૯ મતદાન મથકો છે જે ૨૦૧૨ની સામાન્ય ચૂંટણી કરતાં ૧૮૯ મતદાન મથકો વધુ છે.



શહેરમાં સત્સંગ - દાદા ભગવાન ફાઉન્ડેશનના ઉપક્રમે પૂજ્ય દિપકભાઈના સત્સંગનો કાર્યક્રમ શનિવારે સાંજે ચ-૩ના ગ્રાઉન્ડમાં યોજાયો હતો... જ્ઞાન પિપાસુ ભાવિકોને મુંઝવતા અનેક સવાલોના સરળ જવાબો આપીને દિપકભાઈએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા... દાદા ભગવાન અને નિરૂમાની વિચારધારા સંદર્ભે અનેક વાતો કરી જીવન જીવવાના સરળ માર્ગો સુચવ્યા હતા...

# આર ટી ઓ કચેરીનો અંધેર વહીવટ નવા બાઈકના નંબર જ પડ્યા નથી

**શુભ મુહુર્તોમાં મોટરકારના રજીસ્ટ્રેશન માટે પ્રાધાન્ય આપવાની કચેરીના અધિકારીની સુચનાના લીધે અવ્યવસ્થા સાથે અરજદારોમાં રોષ : નવી મોટર સાઇકલના વાહન માલિકોની નંબર પ્લેટ હજુ કોરી**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીના નબળા વહીવટના લીધે અરજદારો પેરશાની ભોગવી રહયા છે. કર્મચારીઓની મનસ્વી રીતે કરાયેલી આંતરિક બદલીના વિવાદની સાથે આર ટી ઓ કચેરીમાં વાહન નોંધણીની કામગીરી સંદર્ભે પણ મનફાવે તેવો અભિગમ અપનાવાયો છે. ગત દિવસોમાં આર ટી ઓના અધિકારી દ્વારા મોટરકારના રજીસ્ટ્રેશનને પ્રાધાન્ય આપવાની સુચના આપવામાં આવતા યોગ્ય મુહુર્તમાં બાઈક ખરીદનારા વાહન માલિકોને હજુ સુધી નંબર વિના ફરવાની ફરજ પડી છે. મોટરસાઈકલ ખરીદનાર માલિકોના વાહનોનુ હજુ સુધી રજીસ્ટ્રેશન થયુ નથી.

નગરના ગ માર્ગ પર સ્થિત કહેવાતી હાઈટેક આર ટી ઓ કચેરી છેલ્લા ૧૫ દિવસથી વિવાદની એરણે છે. આર ટી ઓ કચેરીમાં મંત્રીના દૌરા બાદ ભ્રષ્ટ વહીવટનો નમુનો સામે આવ્યો હતો. ત્યારબાદ બદલીની પ્રક્રીયાના અંતે પણ કર્મચારીઓએ બાંયો ચઢાવી છે. બીજીતરફ આર ટી ઓ કચેરીના ખાડે ગયેલા વહીવટ વચ્ચે અહીં આવતા અરજદારોને પણ ડગલે ને પગલે પરેશાનીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. દિવાળીના સમયગાળા દરમિયાન પણ આમ નાગરિકોએ કચેરીમાં ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. શુભ દિવસોમાં વાહન ખરીદનારા વાહન માલિકોને વાહન રજીસ્ટ્રેશનની પ્રક્રીયા પાર કરવાનુ કસોટીરૂપ બન્યુ હતુ. આર ટી ઓ અધિકારી દ્વારા મોટરકારના વાહનોને રજીસ્ટ્રેશન માટે પ્રાધાન્ય આપવાની સુચના આપવામાં આવી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જેના લીધે સારા મુહુર્તમાં બાઈકની ખરીદી કરનારા વાહન માલિકો માટે નોંધણી પ્રક્રીયા માટે કાલાવાલા કરવાનો વારો આવ્યો હતો. પરંતુ આમછતા મોટર સાયકલના માલિકો પોતાના વાહનોના હજુ સુધી નંબરો મેળવી શક્યા નથી. નંબર વગરના વાહનો સાથે ફરવાની ફરજ પડી છે.

● અનુસંધાન પાન-૬ પર

# જિલ્લામાં બે હજાર ક્વીન્ટરથી વધુ મગફળી ખરીદ કેન્દ્રો પર ખરીદાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં મગફળીના ટેકાના ભાવથી ખરીદી માટે શરૂ થયેલા બે કેન્દ્રો પર અત્યાર સુધીમાં ૨ હજાર ક્વીન્ટલથી વધુની ખરીદી કરી લેવામાં આવી છે.

જિલ્લાના ૧૧૮ ખેડૂતોએ આ ખરીદ કેન્દ્રો પર મગફળીનો પાક વેચ્યો છે. જેમાં માણસા તાલુકાના ૯૭ અને દહેગામમાં ૨૧ ખેડૂતોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આ બે ખરીદ કેન્દ્રોમાંથી માણસામાં ૧૭૨૩.૪૦ ક્વીન્ટલ પાકની આવક થઈ છે જ્યારે દહેગામમાં ૩૧૩.૯૫ ક્વીન્ટલની આવક થઈ છે.

આ બન્ને ખરીદ કેન્દ્રો પર ખેડૂતો ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી અને તેમનો માલ વેચવા માટે આવી રહ્યા છે.

દરમ્યાન રાજ્યના કૃષિ સચિવ સંજય પ્રસાદના જણાવ્યાનુસાર જિલ્લામો ૧૨૩ ખરીદ કેન્દ્રો નિયત કરવામાં આવેલા છે. જેમાં ૭૦ કેન્દ્રો પર ખરીદી શરૂ થઈ ચુકી છે અને ગઈકાલ સુધીમાં ૧૭૬૪ ખેડૂતો દ્વારા આ કેન્દ્રો પર તેમનો માલ વેચાણ માટે આવી ચુક્યા છે.

આ ખરીદ કરનાર મુખ્ય એજન્સીઓમાં ગુજકોટ, ગુજકોમાસોલ, બનાસડેરી, સાબરડેરી અને ગુજપ્રોનો સમાવેશ થાય છે. હજુ જેમ જેમ આવક થશે તેમ જરૂર પડ્યે વધુ કેન્દ્રો પણ શરૂ કરવાની તૈયારી હોવાનો સંકેત તેમણે આપ્યો હતો.

STOCK MARKET LEADER REQUIRED
NEW OFFICE STAFF
Equity Dealer : 3, Front Office Asst : 2
Salary Rs.6500 to 15000 + Petrol + Incentive
F-13, Meghmalhar, Sector-11, Opp.CNG Pump,Gandhinagar.
M.99747 03401, Email:bestboi123@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com